**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેની જાહેરાત**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની **કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય,** જુનાગઢ માં ચાલતા સ્નાતક કક્ષાના **બી.ટેક. (કૃષિ ઇજનેરી)** અભ્યાસક્રમમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ધોરણ ૧૨ (A,B અને AB) ગૃપ સાથે **ગુજકેટ-૨૦૨૪ માં ઉતીર્ણ થયેલ / પૂરક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ ઉમેદવારો કે જેઓએ પ્રવેશ માટે અગાઉ ફોર્મ ભરેલ હોય / ભરેલ ન હોય તેવા પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ખાલી રહેલ સીટો રૂબરુ કાઉન્સેલિંગ દ્વારા તા. ૧૮-૧૦-૨૦૨૪ ના રોજ સવારે ૦૮-૦૦ કલાકે કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, જૂ.કૃ.યુ., જૂનાગઢ** ખાતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો અને તેની બે નકલ સાથે હાજર રહેવું. ખાલી રહેલ સીટો તથા અન્ય વિગતવાર માહિતી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ની વેબસાઇટ (www.jau.in) પર મુકવામાં આવેલ છે. વખતો વખતના જરૂરી ફેરફાર હવે પછીથી યુનિવર્સિટીની વેબસાઇટ પર જ મુકવામા આવશે. જેની નોંધ લેવી.

**આચાર્ય અને ડીન**

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

**ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)પછીના સ્નાતક કક્ષાના કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢમાં પ્રવેશ માટેનો રૂબરૂ કાઉન્સેલીંગ કાર્યક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં કોમન પ્રવેશનાં રૂબરૂ કાઉન્સેલીંગ બાદ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢમાં સીટ ખાલી રહેવા પામેલ છે.

ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં નિયત લાયકાત ધરાવતા નિયમિત રીતે અથવા પુરક પરીક્ષામાં ઉર્તિણ થયેલ પ્રવેશ ઇચ્છુક વિધાર્થીઓએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ મેળવવા **તારીખ ૧૮/૧૦/૨૦૨૪ના રોજ સવારે ૦૮-૦૦ કલાકે સ્થળ: સેમીનારહોલ, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢમાં** પર અચૂક હાજર રહેવાનું રહેશે. રીપોર્ટીંગ સમય **(૦૮-૦૦ થી ૦૯-૦૦ કલાક સુધીમાં).**

વધુમાં ઉમેદવારો દ્વારા કાઉન્સેલિંગના સ્થળે આપવામાં આવેલ અરજી ફોર્મ તેમજ અરજી ફોર્મ સાથે જોડેલ પ્રમાણપત્રોના (એક નકલ સાથે રાખવી) આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. સદર મેરીટ યાદીના આધારે રૂબરૂ કાઉન્સેલીંગ યોજવામાં આવશે.

વધુમાં ચાલુ વર્ષની ગુજકેટ-૨૦૨૪ પરીક્ષા આપેલી હોય તથા General, EWS, SEBC ના વિધાર્થીઓ માટે ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી/મેથ્સ વિષયના કુલ ૧૨૦ માર્કસ (ગ્રેસીંગ સિવાયના) તથા SC અને STના વિધાર્થીઓ માટે ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી/મેથ્સ કુલ ૧૦૫ માર્કસ (ગ્રેસીંગ સિવાયના) હોય તેવા વિધાર્થીઓ પ્રવેશ માટે લાયક ગણાશે.

ફીઝીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી/મેથ્સ વિષયના ૬૦% તથા ગુજકેટ ૪૦% (૬૦:૪૦) મુજબ મેરીટ યાદી બનાવવામાં આવશે, જે સર્વે વિધાર્થીઓ/વાલીઓની જાણ અર્થે. પ્રવેશ મેળવેલ વિધાર્થીઓએ કાઉન્સેલિંગ સ્થળે જરૂરી ફી (ડીપોઝીટ સહીત) ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/નેટ બેંકીંગ/યુ.પી.આઇ. આઇ. ડી (ગુગલ પે, ફોન પે વગેરે) દ્વારા જ ભરી શકાશે. વિધાર્થીઓ માટે ૧૩૭૦૦/- અને વિધાર્થીનીઓ માટે ૮૭૦૦/-)

- રૂબરૂ કાઉન્સેલિંગનાં નિયત કરેલ સમય (૦૯-૦૦ કલાક પછી) કરતાં મોડા આવનાર વિધાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.
- ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે .
- રૂબરૂ પ્રવેશ માટે આવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાતરી પ્રવેશ સમિતિ આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલિંગ માટે વિધાર્થીઓ / વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે.
- જરૂરી તમામ પ્રમાણપત્રોની એક નકલ સાથે લાવવી.

**કાઉન્સેલિંગનું સ્થળ સમય અને તારીખ નીચે મુજબ છે.**

તારીખ :-૧૮/૧૦/૨૦૨૪
રીપોર્ટીંગ સમય :- સવારે ૦૮:૦૦ થી ૦૯: ૦૦ કલાક સુધી.
કાઉનોલિંગનું સ્થળ :- કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

**કુલસચિવ**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,જૂનાગઢ**

**કેટેગરીવાઇઝ ખાલી રહેલ સીટોની વિગત**

| કુલ ખાલી સીટ | કેટેગરી | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | જનરલ | એસ.સી. | એસ.ટી. | એસ.ઇ.બી.સી. | દિવ્યાંગજન # | ઇ.ડબલ્યુ.એસ. | અધર બોર્ડ |
| ૮ | ૧ | ૦ | ૬ | ૦ | ૩ | ૧ | ૦ |

# સબંધિત કેટેગરીમાં એડજસ્ટ કરવામાં આવશે